## બેન્કની ૫૦મી વાર્ષિક સાધારણ સભા (e-AGM) માં જોડાવવાની માર્ગદર્શિકા

૧) બેન્કનો NSDL, EVEN No. 117653 છે.

૨) બેન્કની વર્ચ્યુઅલ વાર્ષિક સાધારણ સભા (e-AGM) ની કાર્યવાહીમાં જોડાવા માટે સભાસદશ્રીઓએ www.evoting.nsdl.com પર જઇને login કરવાનું રહેશે.

૩) તા. ૩૧-૦૩-૨૦૨૧ સુધીમાં જે સભાસદો નોંધાયેલા હશે અને સભાની તારીખ સુધી ચાલુ હશે, તેઓ આ વર્ચ્યુઅલ વાર્ષિક સાધારણ સભા (e-AGM) માં જોડાઇ શકશે.

૪) જે સભાસદશ્રીઓએ તેઓના મોબાઇલ નંબર બેન્કમાં રજીસ્ટર્ડ કરાવેલ છે, તે સભાસદશ્રીઓ બેન્કની વર્ચ્યુઅલ વાર્ષિક સાધારણ સભા (e-AGM) માં જોડાઇ શકશે.

૫) સભાસદોના રજીસ્ટર્ડ મોબાઇલ નંબર ઉપર SMS દ્વારા User ID અને પાસવર્ડ મોકલવામાં આવશે, તેમજ OTP પણ રજીસ્ટર્ડ મોબાઇલ ઉપર મોકલવામાં આવશે.

૬) **લોગ-ઇન થવા માટેના સ્ટેપ :**

- **મેમ્બરશીપ નંબર** : સભાસદ નંબર ૪ આંકડાનો રહેશે અને તેમાં આગળ નીચે મુજબ શાખાનો ક્રમ ઉમેરવાનો રહેશે. જેમ કે, મૂખ્ય શાખા માટે-૦૧, રેયોન માટે-૦૨, ઉના શાખા માટે-૦૩, સુત્રાપાડા માટે-૦૪, જુનાગઢ માટે-૦૫, રાજકોટ માટે-૦૬, કેશોદ માટે-૦૭, માણાવદર માટે-૦૮ અને બેડી શાખા માટે-૦૯, ઝાંઝરડા શાખા માટે-૧૦, દરેડ શાખ માટે-૧૧

  દા.ત. જો રેયોન શાખાના સભાસદશ્રીનો મેમ્બરશીપ નંબર ૧૯૭૬ હોય તો તે સભાસદશ્રીનો મેમ્બરશીપ નંબર 021976 થશે. તેમજ જો દરેડ શાખાના સભાસદશ્રીનો મેમ્બરશીપ નંબર ૧૨ હોય તો તે સભાસદશ્રીનો મેમ્બરશીપ નંબર 110012 થશે.
- **User ID** : NSDL દ્વારા આપવામાં આવેલ બેન્કનો EVEN No. 117653 છે. આથી દરેક સભાસદનો User ID = 117653 અને ત્યારબાદ સભાસદનો ૬ આંકડાનો મેમ્બરશીપ નંબર ટાઇપ કરવાનો રહેશે.

  દા.ત. જો મુખ્ય શાખાનો સભાસદ નંબર ૧૫૦ હોય તો ઉપર જણાવ્યા મુજબ તે સભાસદશ્રીનો મેમ્બરશીપ નંબર 010150 થશે અને User ID = 117653010150 રહેશે. આમ, દરેક સભાસદશ્રીનો User ID કુલ ૧૨ આંકડાનો રહેશે.
- સભાસદશ્રીઓને તેમના મોબાઇલ નંબર ઉપર NSDL દ્વારા User ID તેમજ ઇવેન્ટની લીંક SMS થી મોકલવામાં આવશે. જે લીંક ઓપન કરી, લોગઇન માટે Shareholder / Member સીલેક્ટ કરવાનું રહેશે.
- ત્યારબાદ લોગઇન સ્કીન ઉપર (૧) સભાસદશ્રીએ પોતાનો ૧૨ આંકડાનો User ID નો ઉપયોગ કરીને (૨) લોગઇન ટાઇપ OTP સીલેક્ટ કરવું તથા (૩) વેરીફીકેશન કોડ આપી, (૪) ટર્મ્સ એન્ડ કન્ડીશન સીલેક્ટ કરી, લોગઇન પર કલીક કરવાનું રહેશે.
- સભાસદશ્રીના રજીસ્ટર્ડ મોબાઇલ નંબર OTP ઉપર આવશે, જે એન્ટર કરી લોગઇન થઇ શકાશે.
- લોગઇન થયા બાદ, સભાસદશ્રીએ e-Voting નું ઓપ્શન સીલેક્ટ કરવાનું રહેશે, જેથી બેન્કની વાર્ષિક સાધારણ સભા અંગેની માહિતીનું ટેબલ જોઇ શકાશે.
- જેમાં સભાના EVEN નંબર (117653) ઉપર કલીક કરવાથી વોટીંગ કરી શકાશે, જ્યારે Join General Meeting (VC/OAVM) ઉપર કલીક કરવાથી વાર્ષિક સાધારણ સભામાં જોડાઇ શકાશે.

૭) જે સભાસદશ્રીઓના મોબાઇલ નંબર બેન્કમાં નોંધાયેલ ન હોય તેઓએ તા. ૦૯/૦૯/૨૦૨૧ ને શુક્રવારના સાંજે ૪-૦૦ કલાક સુધીમાં નિયમ અનુસારના કે.વાય.સી. સાથે મોબાઇલ નોંધણી ફોર્મ ભરી બેન્કની સબંધીત શાખામાં રજુ કરી નોંધણી કરાવવાની રહેશે.

૮) કોરોના મહામારીનું સંક્રમણ ટાળવાના હેતુથી, બેન્કની ૫૦મી વર્ચ્યુઅલ વાર્ષિક સાધારણ સભા (e-AGM) અંતર્ગત (૧) સાધારણ સભાની એજન્ડા નોટીસ તથા (૨) તા. ૩૧/૦૩/૨૦૨૧ ના પુરા થયેલ વર્ષના વાર્ષિક હિસાબો સાથેનો વિસ્તૃત વાર્ષિક અહેવાલ બેન્કની શાખાઓના નોટીસ બોર્ડ તેમજ બેન્કની વેબસાઇટ (ww.vmcbl.com) પર ઉપલબ્ધ રહેશે, જે download કરી શકાશે.

૧૦) સભાસદશ્રીઓ માટે સભા દરમ્યાન કોમ્યુનીકેશન માટે ચેટબોક્ષની સુવિધા ઉપલબ્ધ રહેશે.

૧૧) બેન્કી વર્ચ્યુઅલ વાર્ષિક સાધારણ સભા (e-AGM) માં એજન્ડાના કામ સિવાય કોઇપણ પ્રકારની ચર્ચા હાથ ધરવામાં આવશે નહીં.